Amul
The Taste of India

શ્રદ્ધારૂપે હાથમાં દૂધસાગરનો દિપક છે !!

Dudhsagar
The Pride of India

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ની પ્રસ્તુતિ

# દૂધસાગર પત્રિકા

અંક : ૫-૬ | વર્ષ - ૪ | ઓક્ટો.નવે. - ૨૦૨૪ (સળંગ અંક : ૪૦-૪૧) www.dudhsagardairy.coop twitter.com/dudhsagardairy dudhsagardairyofficial youtube.com/c/DudhsagardairyCoop

## વટવૃક્ષના મીઠા ફળ પશુપાલકોને મળવાના છે તેની શુભ શરૂઆત

# આપણી સાગરમાં

# એક આખી નવી દૂધસાગર

## 180 દિવસ ચાલે તેવા વિશિષ્ટ દૂધના મૂલ્યવર્ધક ટેટ્રાપેકની શરૂઆત



(તસ્વીર : સ્થળ - દૂધસાગર ડેરી, મહેસાણા - નવિન પાવડર પ્લાન્ટ બિલ્ડીંગ)

# UHT : Tetra Pack











પોતાના કાર્યકાળની બીજી અને ત્રીજી સાધારણ સભામાં ઉપસ્થિત હજારો પશુપાલક સભાસદો વચ્ચે સંસ્થાના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરીએ મંચ ઉપરથી સમયની જરૂરીયાત પ્રમાણે અત્યાધુનિક પાવડર પ્લાન્ટ સહિત ભવિષ્યમાં આવનાર નવિન દૂધ આધારિત ઉત્પાદનો માટે અને તેનાથી થતા ફાયદાઓ અંગે પોતાના વિચારો - જાણકારી અને અનુભવો સભાસદો સમક્ષ મૂકી એક સૂરે સર્વોચ્ચ સાધારણ સભાની મંજૂરી મેળવી દૂધસાગર ડેરીના ઉચ્ચ અધિકારીઓને ગુજરાતની વિવિધ ડેરીઓ કે જેણે ; આ પ્રકારના આધુનિક મકાનો અને મશીનરી વસાવી હતી તેમની રૂબરૂ મુલાકાત લઈ પોતાનો તટસ્થ અભિપ્રાય આપવા સૂચન કર્યું હતું . સમગ્ર અભ્યાસ પછી છેલ્લામાં છેલ્લી વૈજ્ઞાનિક ટેક્નોલોજી સાથેના બાંધકામ અને મશીન ખરીદી અંગેના ટેન્ડર બહાર પાડી વિશ્વકક્ષાએ કોઈપણ અનુભવી કંપની આ ટેન્ડરમાં ભાગ લઈ શકે તેવા મુક્ત વાતાવરણમાં ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. સમગ્ર પારદર્શક ટેન્ડર પ્રક્રિયાના અંતે ભારત અને વિદેશની સંયુક્ત ટેક્નોલોજીથી તૈયાર થયેલ પાવડર પ્લાન્ટ મશીનરી અને UHT મિલ્ક પેકિંગ મશીનરી માટે બે કંપનીઓના ટેન્ડર સૌથી નીચા ભાવે દૂધસાગર ડેરીને મળવા પામ્યા હતા. જેમાં પ્રથમ કંપની ટેટ્રાપેક અને બીજી કંપની ગીયા સ્વસ્થ હરીફાઈમાં ઉતર્યા હતા. શરૂઆતના પ્રથમ તબક્કામાં ટેટ્રાપેક કંપનીએ પોતાના મશીનનો વેચાણ અને ઈન્સ્ટોલેશનનો ભાવ 272 કરોડ અને ગીયા કંપનીએ પોતાનો ભાવ 282 કરોડ રૂપિયા મુક્યો હતો. આ સંજોગોમાં સંસ્થાના વડાશ્રી અશોકભાઈ ચૌધરીએ દૂધસાગર ડેરીના અધિકારીઓને તા.27/7/2022 ના રોજ મળનારી BOD ની મીટીંગમાં રસ લેનાર આ બંને કંપનીઓના જવાબદાર અધિકારીઓને સમગ્ર નિયામક મંડળ સામે હાજર રાખવા અને સૌની હાજરીમાં જ ટેન્ડર મંજૂરી આપવાનો આગ્રહ રાખ્યો હતો. ચેરમેનશ્રીના સૂચન પ્રમાણે તા.27 જૂલાઈ 2022 ના રોજ આ બંને કંપનીઓના ઉચ્ચ અધિકારીઓ તમામે તમામ નિયામક મંડળના સભ્યો સમક્ષ હાજર રહ્યા હતા ત્યારે અશોકભાઈએ ખુલ્લેઆમ પારદર્શીતાનું શસ્ત્ર ઉગામતાં બંને કંપનીઓને જણાવ્યું હતું કે ; દૂધસાગર ડેરી આ મશીનરી સહિત તમામ ખરીદીમાં કોઈપણ પાછલા બારણાની આશા - અપેક્ષાથી ઉપર ઉઠી માત્ર સંસ્થાનું હિત વિચારી રહી હોઈ તેઓને પોતાના ભાવો અંગે ક્વોલિટીમાં કોઈ સમાધાન વગર ફેરવિચારણા માટે એક કલાકનો સમય આપ્યો હતો. આ એક કલાક દરમ્યાન બંને કંપની ટેટ્રાપેક અને ગીયાના અધિકારીઓએ અલગ અલગ રૂમોમાં બેસી પોતાના માલિકો સાથે ટેલીફોનિક ચર્ચાઓ કરી એક કલાકના અંતે બંને કંપનીઓના અધિકારીઓ બંધ કવર સાથે BOD ની બેઠકમાં પોતાના છેલ્લા ભાવ મૂક્યા હતા. આ બંધ કવરોને સમગ્ર નિયામક મંડળ સમક્ષ ખોલવામાં આવ્યા ત્યારે ટેટ્રાપેક કંપનીનો ભાવ જે અગાઉ 272 કરોડ રૂપિયા હતો તે ઘટીને 188 કરોડ નીચે લઈ જવામાં આવ્યો હતો. એજ રીતે બીજા ક્રમે આવેલી ગીયા કંપનીનો ભાવ જે અગાઉ 282 કરોડ રૂપિયા હતો તે ઘટીને 212 કરોડ રૂપિયા નીચે કરવામાં આવ્યો હતો. ટેન્ડર પ્રક્રિયામાં પોતાના ભાવોને કારણે ટેટ્રાપેક કંપની સ્વાભાવિક રીતે ઓર્ડર મેળવવા માટે હકદાર બની હતી તેમ છતાં શ્રી અશોકભાઈ ચૌધરી નિયામક મંડળ હજી ટેટ્રાપેક કંપની સાથે મૌખિક કરકસરના મૂડમાં હતું. ટેટ્રાપેક કંપનીના અધિકારીઓ સાથે સમગ્ર નિયામક મંડળે આજ 27 જૂલાઈના રોજ ફરી બેઠક કરી તેમની સાથે ભાવોનું ત્રીજી વખત આંકલન કરી વેચાણ ભાવ નીચે લઈ જવાનો હઠાગ્રહ રાખ્યો ત્યારે અંતે ટેટ્રાપેક કંપનીએ પોતાના છેલ્લા ભાવ રૂપિયા 188 કરોડને 175 કરોડ સુધી લેવામાં પોતાની સંમતી આપતાં ટેટ્રાપેક ખરીદીમાં સંસ્થાને સીધો જ ટેન્ડરના પ્રથમ ભાવની સામે સચોટ ખરીદ ભાવમાં રૂપિયા 97 કરોડની બચત થવા પામી હતી.

વિક્રમ સંવત 2081 ની શરૂઆતમાં અને અંગ્રેજી માસ નવેમ્બરમાં દૂધસાગર પત્રિકા દ્વારા આ ટેટ્રાપેક સબંધિત લેખ અત્યારે લખાઈ રહ્યો છે ત્યારે દૂધસાગર ડેરીની પાવડર પ્લાન્ટ ઈમારતમાં આ **UHT** (અલ્ટ્રા હિટ ટ્રીટમેન્ટ) આધારિત 180 દિવસ એટલે કે 6 માસ સુધી રૂમ ટેમ્પ્રેચરમાં જળવાઈ રહેનાર ટેટ્રાપેકનું પ્રતિદીન લાખો લિટર ઉત્પાદન શરૂ થઈ ચૂક્યું છે ત્યારે આવો એક રૂબરૂ મુલાકાત લઈએ આ શુકનવંતા ટેટ્રાપેક એકમની ...

# આપણી સાગરમાં - 2025 થી આખી નવી દૂધસાગર



દૂધ અને દૂધની બનાવટોનું વેચાણ કરતી અમૂલ સહિતની વૈશ્વિક કંપનીઓ તથા માર્કેટના નિષ્ણાતોના મંતવ્ય મુજબ હાલના સંજોગોમાં વિભક્ત કુટુંબ વધ્યા છે અને જીવનસાથી બનેલા સ્ત્રી - પુરૂષ બંને નોકરી કરતા થયા છે ત્યારે પેકિંગમાં ખોરાકનું વેચાણ દિન પ્રતિદીન આસમાનની ઉંચાઈઓ પ્રાપ્ત કરી રહ્યું છે. અન્ય ખોરાક કરતાં દૂધની જરૂરિયાત સામાન્ય રીતે સૌથી પ્રથમ અને સૌથી વધુ હોય છે. સાગર ખેડૂઓ અને લશ્કરના જવાનો સહિત દૂર્લભ વિસ્તારોમાં રહેતા નાગરિકો અને પ્રવાસીઓને ઉચ્ચ ગુણવત્તાનું દૂધ તાજી હાલતમાં મળી રહે તે માટેના ઉપરોક્ત સૌના પ્રયાસો સતતના ધોરણે ચાલુ હોય છે ત્યારે હવાચુસ્ત પેકિંગમાં 180 દિવસ એટલે કે 6 માસ સુધી અકબંધ અને ખાવા - પીવા યોગ્ય રહેતા ટેટ્રાપેક દૂધની માંગ બજારમાં રોકેટ ગતિએ વધી રહી છે. ગુજરાતમાં અગાઉ અમૂલ ફેડ ડેરી, સાબર ડેરી અને બનાસ ડેરી ટેટ્રાપેકનું ઉત્પાદન કરતા હતા. વિતેલા એક વર્ષ દરમ્યાન અમૂલ ડેરી અને દૂધસાગર ડેરીની ટેટ્રાપેક દૂધ પેકિંગ બનાવવા માટે ફેડરેશનની મંજૂરી મળતાં દૂધસાગર ડેરી દ્વારા એક નવું મૂલ્યવર્ધક (વેલ્યુ એડેડ પ્રોડક્ટસ) ઉત્પાદન આપણી ડેરી દ્વારા **UHT** ટેટ્રાપેક 180 દિવસ શરૂ કરી દેવામાં આવ્યું છે.

સંપૂર્ણ વૈજ્ઞાનિક પધ્ધતિઓથી સુસજ્જ અને રોબોટિક સાયન્સ આધારિત આ કોમ્પ્યુટર કમાન્ડ ધરાવતા ટેટ્રાપેક પ્લાન્ટની તમામ બારીકાઈઓને જીણવટ પૂર્વક સમજવા અમોએ આ નૂતન ટેટ્રાપેક પ્લાન્ટની મુલાકાત લીધી ત્યારે જાણવા મળ્યું કે દૂધસાગર ડેરી (મહેસાણા) ને GCMMF દ્વારા હાલમાં પ્રતિદિવસ 3.5 લાખ લીટર ટેટ્રાપેક દૂધનું ઉત્પાદન કરવાની મંજૂરી મળી છે. મહેસાણા દૂધસાગરની આકાર લઈ રહેલી ભવ્ય અને દિવ્ય નવિન ઈમારતમાં શરૂ થયેલ આ પ્લાન્ટમાં 23000 લીટર ની ક્ષમતા વાળો મિલ્ક સ્ટરીલાઈઝર લગાવવામાં આવ્યો છે. જે પ્રતિકલાકે 9000 લીટર **અને** 15000 પ્રતિકલાક લીટરની ક્ષમતા સાથે જરૂરિયાત પ્રમાણે ચલાવી શકાય છે. હાલમાં દૂધસાગર ડેરી સાથે 200 મિલી લીટરની 2 લાઈન અને એક લીટરની એક લાઈન ઉત્પાદન કરી રહી છે જે ટેટ્રાપેક લેમીનેશન વૈશ્વિક ધારાધોરણો સાથેના કાર્ટૂન પેકિંગ કરવાની શુભ શરૂઆત કરી ચૂક્યા છીએ. મહેસાણા દૂધસાગર ડેરી ખાતે સ્થાપિત થયેલ આ બહુઆયામી અને અદ્યતન ટેક્નોલોજીથી સુસજ્જ પ્લાન્ટને આવનાર ભવિષ્યને ધ્યાનમાં લઈ વિશાળતા બક્ષવામાં આવી છે. ટેટ્રાપેક ઉત્પાદનના એકમમાં અત્યારે 200 મિલીલીટર ક્ષમતાના 24000 પેકેટ પ્રતિકલાકે આકાર લઈ રહ્યા છે તો એક લીટરના 15000 પેકેટનું ઉત્પાદન થઈ રહ્યું છે. UHT MILK ને સીધી ભાષામાં સમજવું હોય તો એ રીતે સમજી શકાય કે આ દૂધને અલ્ટ્રા હાઈ તાપમાન ઉપર ગરમ કરવામાં આવે છે એટલે કે 140°C સેલ્શિયસ તાપમાન ઉપર 5 સેકન્ડ માટે ગરમ કરી ટેટ્રાપેકમાં હવાચુસ્ત કરી દેવામાં આવે છે. આ દૂધને બહારનું કોઈ વાતાવરણ મળતું ન હોઈ છ મહિના સુધી એટલે કે 180 દિવસ સુધી રૂમ ટેમ્પ્રેચરમાં સ્ટોરેજ કરવા છતાં બગડતું નથી. ટેટ્રાપેકની ભારે માંગને ધ્યાનમાં લઈ દૂધસાગરના આ પ્લાન્ટમાં ભવિષ્યમાં વધુ પાંચ લાઈન નાખી શકાય તે માટે જરૂરી સિવીલ બિલ્ડીંગ તૈયાર કરવામાં આવી છે. જેથી ભવિષ્યમાં ફેડરેશન દ્વારા કેપેસીટી વધારવાની માંગ થાય તો નવા પેકીંગ મશીન અને સ્ટરીલાઈઝર વગેરે પ્લાન્ટ ખરીદી માર્કેટની માંગ સંતોષી શકાશે. હાલમાં ફેડરેશન તરફથી મળેલા ઓર્ડરનું ઉત્પાદન 0 ટકા રિજેક્શન થી પૂર્ણ થયું છે તે આપણી સફળતા છે. ક્રમશઃ આપણું આ ટેટ્રાપેક ઉત્પાદન વધતું જશે જેના પરિણામે નફાનું ધોરણ પણ ક્રમશઃ વધતું રહેશે તેઓ વિશ્વાસ મેનેજમેન્ટે વ્યક્ત કર્યો છે.

# ગાંઠ પડી નહીં અને ગૂંચ ઉકેલાઈ ગઈ

# ઉકેલ આવ્યો અદભુત્

## ઓછા SNF વાળા દૂધમાં 50% ના ધરખમ ઘટાડા સાથે દૂધમંડળીઓને વિતેલા ત્રણ વર્ષમાં ₹1,99,50,59,888 કરોડનો ફાયદો થયો

તા. 15 જાન્યુઆરી 2021 ના રોજ શ્રી.અશોકભાઈ ચૌધરીએ પશુપાલકોના અત્યંત પ્રેમ અને વિશ્વાસના આધારે પોતાના સાથી નિયામક મંડળના ચૂંટાયેલા નિયામક મંડળના સભ્યો સાથે મહેસાણા દૂધસાગર ડેરીનો વહિવટ સંભાળ્યો ત્યારે “સાપ ગયા અને લીસોટા રહ્યા” તે કહેવતને સાર્થક કરતી અનેક વિકરાળ સમસ્યાઓ સામે આવીને ઉભી હતી. પશુપાલકોના વિશ્વાસને અકબંધ રાખવો હોય અને પોતાના ચૂંટણી વચનોને સાર્થક કરવા હોય તો આ સમસ્યાઓનો કૂનેહપૂર્વક ઉકેલ લાવવો અનિવાર્ય હતો.

એક તરફ પરિવર્તન પેનલના કાર્યકરો - ટેકેદારો અને પશુપાલકો જીતનો ઉત્સવ અને વાસી ઉત્તરાયણનો થાક ઉતારી રહ્યા હતા. એજ સમયે 15 જાન્યુઆરી 2021 ની રાત્રે સંસ્થાના નવનિયુક્ત વડા અશોક ચૌધરી દૂધસાગરના અધિકારીઓ સાથે ગહન ચિંતન - મનન અને મહેનતથી એક સમસ્યાનો ઉકેલ લાવવા મથામણ કરી રહ્યા હતા ! અને, આ સમસ્યા હતી : હલકા દૂધની !!

હલકા દૂધની આ સમસ્યા એક રીતે વિચિત્ર પ્રકારની ગૂંચવણ ઉભી કરી રહી હતી. સત્તાના સૂત્રો સંભાળ્યા ત્યારે અશોકભાઈને જાણવા મળ્યું કે ; ડેરીમાં વિતેલા વર્ષોમાં હલકા દૂધનું પ્રમાણ વધી ગયું છે - બીજી તરફ દૂધ મંડળીઓની ફરીયાદ પ્રમાણે હલકા દૂધમાં સંઘ દ્વારા કપાત કરવામાં આવતી રકમ ખૂબ હોવાથી ગામના બે ચાર દૂધ ગ્રાહકોને કારણે સમગ્ર ગામનું દૂધ હલકું ગણાતાં “પાડાના વાંકે પખાલીને ડામ” કહેવત પ્રમાણે આખી મંડળી અને તેના પશુપાલકોને નુકસાન ભોગવવું પડતું હતું. તો ત્રીજી તરફ ; હલકું દૂધ ભરાવનાર તત્વો



ઉપર કાયમી અંકુશ ઉભો કરવો એ પણ દૂધસાગરની શાખ માટે અત્યંત જરૂરી બાબત હતી. આમ ત્રણ તરફથી ઉકેલ માંગતી આ સમસ્યાનું નિવારણ લાવવા મળેલી આ બેઠકમાં ચેરમેનશ્રીએ ઉપસ્થિત અધિકારીઓને સમગ્ર સમસ્યાના ઉકેલ ના ઉપાયો શોધી લાવવા સુચન કર્યુ અને લગભગ એક માસના અંતે અશોકભાઈ ચૌધરીના નેતૃત્વ હેઠળ મળેલી તા. 19 ફેબ્રુઆરી 2021 ની બીજી બોર્ડ ઓફ ડિરેક્ટર્સની બેઠકમાં અધિકારીઓ આ સમસ્યાનો વ્યવહારીક ઉકેલ લઈને સામે આવ્યા ત્યારે (1) હલકા દૂધમાં કપાત થતી રકમમાં ઉદારતા દાખવી મંડળીઓને થતા નુકશાનને રોકવું (2) વૈજ્ઞાનિક આવિષ્કારોનો ફરજીયાત અમલ કરી હલકા દૂધનો જથ્થો ઘટાડવો - આ બે બાબતો ઉપર BOD માં સર્વ સંમતી સધાઈને એક નવી પોલીસી અસ્તિત્વમાં આવી.

**અહીં દૂધસાગર પત્રિકાના વાંચકો અને પશુપાલકોએ જાણી લેવું જોઈએ કે ; હલકું દૂધ એટલે ભેળસેળયુક્ત દૂધ એવું બિલકુલ નથી. ગામડાંની દૂધ મંડળીઓની પરિભાષામાં એટલે કે ગામઠી ભાષામાં ઓછા SNF વાળા દૂધને હલકું દૂધ કહે છે**

અશોકભાઈ ચૌધરીના શાસનને હાલ ચાર વર્ષ પૂર્ણ થવા આવ્યા છે ત્યારે દૂધસાગર પત્રિકા દ્વારા મહેસાણા દૂધ સંઘ પાસે રહેલ પ્રમાણિત આંકડાઓ - હિસાબો ને આધારે આ પોલિસી ના શું પરિણામ જોવા મળ્યા તેનો તટસ્થ અભ્યાસ કરતાં અમને જાણવા મળ્યું કે ત્રણ વર્ષને અંતે આજની તારીખે મહેસાણા દૂધ સંઘમાં - પહેલાં ના પ્રમાણમાં હલકા દૂધની આવકમાં 50%નો ધરખમ ઘટાડો નોંધાવાની સાથે દૂધ મંડળીઓને આ વિતેલા ત્રણ વર્ષોમાં - પહેલાંના વર્ષો કરતાં રૂ. 199,50,59,888 કરોડનો ફાયદો થવા પામ્યો છે અને તે પ્રમાણે "ફુલની સુવાસ જ એના અસ્તિત્વનું પ્રમાણપત્ર આપે છે" તે વાત કમસેકમ દૂધસાગર ડેરીમાં પૂરવાર થતી હોય તેનો મજબૂત પુરાવો મળી રહ્યો છે. આવો ડેરીના ચોપડાના આધારે - પ્રમાણભૂત પુરાવાઓને આધારે આખી પોલીસીના બે તરફી મળેલા શુભ પરિણામોને સમજીએ :

| | | જુની પોલીસી | નવી પોલીસી |
|---|---|---|---|
| ગાયનું દૂધ | SNF - 8.5% | 100% રકમ ચૂકવણી | 100% રકમ ચૂકવણી |
| | SNF - 8.4% | 25% રકમ ચૂકવણી | 90% રકમ ચૂકવણી |
| | SNF - 8.3% | 25% રકમ ચૂકવણી | 75% રકમ ચૂકવણી |
| | SNF - 8.2% | 25% રકમ ચૂકવણી | 25% રકમ ચૂકવણી |
| 6.0 કે તેથી વધુ ફેટવાળું મિક્સ દૂધ બલ્કકૂલર | SNF - 9% | 100% રકમ ચૂકવણી | 100% રકમ ચૂકવણી |
| | SNF - 8.9% | 25% રકમ ચૂકવણી | 100% રકમ ચૂકવણી |
| | SNF - 8.8% | 25% રકમ ચૂકવણી | 100% રકમ ચૂકવણી |
| | SNF - 8.7% | 25% રકમ ચૂકવણી | 100% રકમ ચૂકવણી |
| | SNF - 8.6% | 25% રકમ ચૂકવણી | 90% રકમ ચૂકવણી |
| | SNF - 8.5% | 25% રકમ ચૂકવણી | 75% રકમ ચૂકવણી |
| | SNF - 8.4% | 25% રકમ ચૂકવણી | 25% રકમ ચૂકવણી |

ઉપરોક્ત કોષ્ટક ઉપરથી વાંચક પશુપાલકો સમજી શકતા હશે કે ; હલકા દૂધની જૂની પોલીસી અને નવી પોલીસી વચ્ચે દૂધ મંડળીઓના હિતોને ધ્યાને લઈ મહેસાણા દૂધ સંઘ દ્વારા ઉદારતાની ભાવના અખત્યાર કરવામાં આવી છે. જૂની પોલીસીમાં હલકા દૂધની ચૂકવવા પાત્ર રકમને માત્ર બે ભાગ એટલે કે 100% અને 25% ના લેખે જ તોલવામાં આવતી હતી. જ્યારે અશોકભાઈ ચૌધરીના આ સમયમાં દૂધસાગર ડેરીની નવીન પોલીસીમાં હલકા દૂધની ચૂકવણીની રકમ SNF અને ફેટ પ્રમાણે અનુક્રમે 100%, 90%, 75% અને 25% એમ ચાર ભાગમાં વિભાજીત કરી દૂધ મંડળીઓને સામૂહિક નુકશાન ના થાય તેનું ધ્યાન રાખવામાં આવ્યું છે. દૂધસાગર ડેરીમાં નવું નિયામક મંડળ અસ્તિત્વમાં આવ્યા બાદ અગાઉની પોલીસીમાં મંડળીઓને ખૂબ જ નુકસાન પડતું હોવાથી તા. 19/02/2021 ના રોજ અમલમાં આવેલ નવિન પોલીસીમાં દૂધ મંડળીઓની લાગણીઓને પ્રથમ પ્રાધાન્યતા આપવામાં આવી છે. જે મુજબ ગાયના દૂધ અને બલ્ક કૂલરમાં આવતા મિક્સ દૂધમાં 5.9 કે તેથી ઓછા ફેટ હોય ત્યારે 8.5 SNF કે જેમાં અગાઉની પોલીસીમાં 100% પૈસા મળતાં હતા અને SNF 8.4% થતાં જ માત્ર એક દોરાવાના (0/1) ફર્કમાં મંડળીઓને માત્ર 25% પૈસા જ પ્રાપ્ત થતા હતા. અશોકભાઈ ચૌધરીના નેતૃત્વમાં ઘડવામાં આવેલી આ ઉદાર પોલીસીમાં 8.5% SNF એ 100%, 8.4% SNF એ 90%, 8.3% SNF એ 75% પૈસા ચૂકવવાની શરૂઆત કરવામાં આવી જે દૂધસાગર પત્રિકાના વાંચકો ઉપરોક્ત ડેરીની નવી પોલીસીના કોષ્ટકને જોઈ સમજી શકતા હશો કે અગાઉ 8.4% SNF એ મંડળીઓને માત્ર 25% રકમ જ ચૂકવવામાં આવતી હતી જે અશોકભાઈના શાસનમાં 65 ટકા વધારી 90 ટકા, 8.3 SNF હોય ત્યારે 50% વધારી 75% રકમ વધુ ચૂકવવામાં આવી રહી છે જેના કારણે વર્ષ 2022 થી 2024 ના ત્રણ વર્ષોમાં આવેલ કૂલ 2,94,09,558 કિલો હલકા દૂધનું મૂલ્યાંકન કરવામાં આવે તો જૂની પોલીસી મુજબ તેમને સંઘ દ્વારા માત્ર 26,76,96,535 રૂપિયા જ ચૂકવાયા હોત. અશોક ચૌધરી પ્રેરિત નવી પોલીસીના કારણે આજ ત્રણ વર્ષ એટલે કે; 2022 થી 2024 ના ઉપરોક્ત હલકા દૂધના જથ્થાના દૂધ મંડળીઓને 89,00,99,860 રૂપિયા ચૂકવાયા છે એટલે કે જૂની પોલીસીની સરખામણીએ - નવિન પોલીસીથી ત્રણ વર્ષોમાં દૂધસાગરના કાર્યક્ષેત્રની દૂધ મંડળીઓને કુલ - 62,35,03,325 રૂપિયા વધુ ચૂકવાયા છે એટલે કે દૂધ મંડળીઓને આ ત્રણ વર્ષમાં હલકા દૂધની નવિન પોલીસીના કારણે 62,35,03,325 રૂપિયાનો તોતીંગ ફાયદો અશોકભાઈ ચૌધરીના નેતૃત્વમાં થવા પામ્યો છે જેનું પ્રમાણભૂત કોષ્ટક આગળના પેજ ઉપર જોઈ શકો છો.

## વર્ષ 2022 થી વર્ષ 2024 સુધીના ત્રણ વર્ષોમાં જૂની પોલીસીની સરખામણીમાં નવિન પોલીસીમાં દૂધમંડળીઓને થયેલ ફાયદો

| વર્ષ | કુલ હલકા દૂધનો જથ્થો | જૂની પોલીસી હોત તો મળવા પાત્ર થતી રકમ | નવી પોલીસીમાં વાસ્તવમાં મળેલી રકમ | દૂધમંડળીઓને થયેલ વાસ્તવિક ફાયદો |
|---|---|---|---|---|
| 2022 | 13041567 | 11,19,33,445 | 37,31,27,935 | 26,11,94,490 |
| 2023 | 10244186 | 9,72,84,578 | 32,57,37,355 | 22,84,52,776 |
| 2024 | 6123804 | 5,84,78,512 | 19,23,34,571 | 13,38,56,069 |
| **કુલ** | 29409558 | 26,76,96,535 | 89,00,99,860 | 62,35,03,325 |

અશોકભાઈ ચૌધરી પહેલાંની પોલીસી - અને - અશોકભાઈ ચૌધરી પછીની પોલીસી એટલે કે ; **BEFORE ASHOK CHAUDHARY AND AFTER ASHOK CHAUDHARY** વખતની હલકા દૂધની પોલીસીનો જીણવટપૂર્વક - બારીકાઈથી અભ્યાસ કરવામાં આવે તો વાંચકોને સમજાશે કે ; અગાઉ 6.0 કે તેથી ઉપર ફેટ હોય તો 9.0 % SNF હોવો ફરજીયાત હતો. આ ફોર્મુલા દૂધ મંડળીઓ માટે ભારે નુકશાનકર્તા હોવાથી નવા નિયામક મંડળે એક નવી ફોર્મુલા સંપૂર્ણ અભ્યાસ સાથે અમલમાં મૂકી અને તે મુજબ 6.0 કે તેથી વધુ ફેટ માટે અગાઉ જે 9.0 SNF ફરજીયાત હતો તેમાં ત્રણ દોરાનો ધરખમ ઘટાડો કરી 8.7 % SNF હોવો ફરજીયાત કર્યો. જેના કારણે 8.9% - 8.8% અને 8.7% SNF વાળા દૂધને અગાઉના સમયમાં જે માત્ર 25% નાણાં મળવાપાત્ર થતા હતા તેને અશોકભાઈ શાસીત દૂધસાગરમાં 100% નાણાં મળવા લાગ્યા. એક અર્થમાં એવું થયું કે ; અગાઉ 25% ના હકદાર એવા 8.9% SNF, 8.8% SNF અને 8.7% SNF વાળા દૂધને હલકા દૂધની વ્યાખ્યામાંથી બાકાત કરી દેવામાં આવતાં નીચેના કોષ્ટકમાં દર્શાવ્યા પ્રમાણે 2022 થી 2024 ના ત્રણ વર્ષોમાં આવું આવેલ દૂધ 38463564 કિલો દૂધ જે અગાઉની પોલીસી મુજબ હલકામાં ગણાતું હતુ તે હવે હલકાની જગ્યાએ સારા દૂધમાં ગણાયું જેનાથી આ 25% રકમ મળવાની હતી તેના બદલે 100% રકમ મળી જેનાથી અગાઉની પોલીસી મુજબ આજ દૂધના 25% લેખે 45,71,96,030 રૂપિયા મળવાના હતા તેના બદલે 100% ગણવાના કારણે 182,87,52,594 રૂપિયા મળ્યા એટલે કે દૂધ મંડળીઓને આ ત્રણ વર્ષમાં 137,15,56,563 રૂપિયા વધુ મળ્યા એટલે કે મંડળીઓને 137,15,56,563 રૂપિયાનો ફાયદો થયો.

## વર્ષ 2022 થી વર્ષ 2024 સુધીના ત્રણ વર્ષોમાં જૂની પોલીસીની સરખામણીમાં નવિન પોલીસીમાં દૂધમંડળીઓને થયેલ ફાયદો

| વર્ષ | દૂધનો જથ્થો | જૂની પોલીસી હોત તો મળવા પાત્ર થતી રકમ | નવી પોલીસીમાં વાસ્તવમાં મળેલી રકમ | દૂધમંડળીઓને થયેલ વાસ્તવિક ફાયદો |
|---|---|---|---|---|
| 2022 | 1,47,97,270 | 16,39,00,699 | 65,55,76,212 | 49,16,75,512 |
| 2023 | 1,64,72,974 | 20,26,55,416 | 81,06,21,664 | 60,79,66,248 |
| 2024 | 71,93,320 | 9,06,39,915 | 36,25,54,718 | 27,19,14,803 |
| **કુલ** | 3,84,63,564 | 45,71,96,030 | 182,87,52,594 | 137,15,56,563 |

## જુની - નવી પોલીસીમાં હલકા દૂધની વ્યાખ્યામાં ફેરફારો કરાતાં દૂધમંડળીઓને થયેલ સ્પષ્ટ કુલ ફાયદો

| ☝ ઉપરોક્ત કોઠા પ્રમાણે મળેલ કુલ રકમ | | 👇 8.9% SNF થી 8.7% SNF વાળા દૂધને 100% રકમ મળતાં મંડળીઓને થયેલ કુલ ફાયદો |
|---|---|---|
| **રૂપિયા 62,35,03,325 કરોડ** | **+** | **રૂપિયા 137,15,56,563 કરોડ** |

**કુલ રૂપિયા 199,50,59,888 કરોડ નો ફાયદો**

જાન્યુઆરી 2021 થી દૂધસાગરમાં અસ્તિત્વમાં આવેલી શ્રી અશોકભાઈ ચૌધરી નિયામક મંડળની ટીમ માટે માત્ર હલકા દૂધથી થતા દૂધ મંડળીઓના આર્થિક નુકશાનની ચેલેન્જ સાથે સાથે હલકા દૂધ ઉપર લગામ કસવી એ પણ મોટો પડકાર હતો. દૂધના મૂલ્યાંકનને બદલવાથી મંડળીઓ પાસે રહેલ વર્ષો જુની ફરીયાદનો તો અંત આવ્યો પણ હલકુ દૂધ જ ડેરીમાં આવતું બંધ થાય તે માટે પણ આ બધાની સાથે સાથે સમગ્ર પ્રશાસન એક બીજા મોરચે વિજ્ઞાનનો આશરો લઈ યુધ્ધ લડી રહ્યું હતુ. વિતેલા ત્રણ વર્ષોમાં દૂધસાગરના કાર્યક્ષેત્રની તમામે તમામ દૂધ મંડળીઓ દૂધને પારખવા વૈજ્ઞાનિક ઉપકરણો વસાવે અને દૂધની ગુણવત્તા માનવ દખલ વિના સંપૂર્ણ મશીન આધારિત કરવા પણ કડક અને મક્કમ પગલે કામ આગળ વધી રહ્યું હતું. વર્ષ 2021 પહેલાં આપણી ગ્રામીણ દૂધ મંડળીઓમાં મોટાભાગે એકલા ફેટ મશીન જ હતા. મળતા આંકડા પ્રમાણે આ દિવસોમાં ફેટ અને SNF બંને એક સાથે માપી શકે તેવા એનેલાઈઝર મશીનનો આવિષ્કાર થઈ ચૂક્યો હોવા છતાં 2021 સુધીમાં માત્ર 342 મંડળીઓ આ આધુનિક મશીન ધરાવતી હતી. દૂધસાગરના પ્રશાસને વિતેલા ત્રણ વર્ષો દરમ્યાન આ દિશામાં સમજણ અને મક્કમતા સાથે કામ આગળ વધાર્યું. દરેક મંડળીઓના પ્રમુખ અને મંત્રીને સબસીડી સાથે એનેલાઈઝર મશીન વસાવવાનો આગ્રહ અને હઠાગ્રહ કર્યો. જે મંડળીના જૂના ફેટ મશીન બગડે કે બગડી જાય તેમને તેના બદલામાં ફેટ અને SNF બંને સાથે માપી શકતા એનેલાઈઝર મશીન જ આપવામાં આવ્યા. આ સાથે દૂધ સંઘની વિવિધ દૂધ માપવાની લેબોરેટરીઓ

સંપૂર્ણ માનવ દખલ વિહીન અને મશીન આધારિત માપદંડો થી સૂસજ્જ કરી દેવામાં આવી છે પરિણામ સ્વરૂપ દૂધસાગર પત્રિકાને મળતી છેલ્લામાં છેલ્લી પ્રમાણભૂત માહિતી પ્રમાણે આપણા કાર્યક્ષેત્રની 1503 મંડળીઓ ઉપર આ એનેલાઈઝર મશીન આવી ચૂક્યા છે અને સુપેરે કામ કરી રહ્યા છે. આ વૈજ્ઞાનિક અભિગમો અને આવિષ્કારોના પરિણામે આજે મહેસાણા દૂધ સંઘમાં અગાઉની સરખામણીમાં હલકા દૂધની માત્રા 50% ઘટી જવા પામી હોવાથી આપણી શાખ અને ગુણવત્તા તથા મંડળીઓના રોજબરોજના સ્થાનિક ઘર્ષણ બંધ થવા પામ્યા છે. નીચેના કોઠા ઉપરથી અમે દૂધસાગરમાં આવતા દૈનિક સરેરાશ દૂધના જથ્થાનો ઘટાડો મુકી રહ્યા છીએ જે હલ્કા દૂધ ઉપર લાગેલો ડેરીનો અંકુશ સાબિત કરે છે.



ફેટ-SNF એનેલાઈઝર મશીન

| વર્ષ | સરેરાશ દૈનિક દૂધ | સરેરાશ દૈનિક હલકું દૂધ | હલકુ દૂધ ટકામાં |
|---|---|---|---|
| 2022 | 2170410 કિલો | 35730 કિલો | 1.65% |
| 2023 | 2104931 કિલો | 28066 કિલો | 1.33% |
| 2024 | 2047671 કિલો | 16778 કિલો | 0.82% |

50% ઘટાડો

**2021** થી મહેસાણા દૂધસાગર ડેરીમાં વાસ્તવિક અર્થમાં સુશાસનની સ્થાપના કરી લાખો પશુપાલકો અને હજારો દૂધ મંડળીઓ માટે કામ કરનાર શ્રી અશોકભાઈ ચૌધરીની ટીમ દ્વારા લેવામાં આવેલ આ હલકા દૂધ અંગેની પોલીસીના નિર્ણયો ધરાતલ ઉપર કેટલા વાસ્તવિક સફળ રહ્યા અને તેનાથી ગ્રામીણ દૂધમંડળીઓને કેવો અને કેટલો ફાયદો રહ્યો તે માટે દૂધસાગર પત્રિકાએ સમગ્ર કાર્યક્ષેત્રને જુદા-જુદા છ ઝોનમાં વહેંચી અલગ - અલગ દૂધ મંડળીઓના પ્રમુખ મંત્રીશ્રીઓને રૂબરૂ અથવા ટેલિફોનિક વાતચીત કરી હલકા દૂધની પોલીસીના ફેરફારોની અસર જાણી ત્યારે અમને તેમના જ દ્વારા પ્રામાણિત થયેલા આંકડા જાણવા મળ્યા જે આપ નીચેના કોષ્ટકમાં જોઈ શકો છો :

## છેલ્લા ત્રણ વર્ષના હલકા દૂધની પોલીસીના ફેરફારથી નીચેની મંડળીઓને થયેલો ફાયદો

| દૂધ મંડળીનું નામ | હલકા દૂધનો જથ્થો | જૂની પોલીસી પ્રમાણે કપાતની રકમ | નવી પોલીસી પ્રમાણે વાસ્તવિક કપાત થયેલી રકમ | દૂધ મંડળીને થયેલ ફાયદાની રકમ |
|---|---|---|---|---|
| આનંદપુરા | 10000 | 2,31,765 | 37,149 | 1,94,619 |
| ગોરીસણા | 453945 | 1,22,63,682 | 19,25,538 | 1,03,38,144 |
| વાયડ | 126104 | 35,34,059 | 5,38,303 | 29,95,756 |
| કરણનગર | 98048 | 24,42,240 | 4,45,156 | 19,97,084 |
| લક્ષ્મીપુરા | 26791 | 6,21,108 | 1,35,883 | 4,85,224 |
| લુણાવા | 53673 | 20,30,207 | 3,34,699 | 16,95,508 |
| મોટીભાલુપરા | 129646 | 32,41,969 | 5,32,196 | 27,09,773 |

# અર્જુન જેવો સમર્પણ ભાવ હોય તો તેનો રથ આજે પણ ભગવાન શ્રીકૃષ્ણ હાંકે છે

## રૂબરૂ



### વાયડ દૂધ મંડળી (તા.સરસ્વતી, જી.પાટણ)

હલકા દૂધની પોલીસીથી થયેલ લાભાલાભની જાણકારી માટે અમે સૌ પ્રથમ મુલાકાત કરી સરસ્વતી તાલુકાના પાટણ જીલ્લામાં આવતા વાયડ ગામની દૂધમંડળીની !! અહીં અમને દૂધમંડળીના પ્રમુખ મોતીભાઈ દેસાઈ અને મંત્રીશ્રી વિષ્ણુભાઈ દેસાઈ મળ્યા. અમારી સાથે વાત કરતાં મોતીભાઈ દેસાઈએ જણાવ્યું કે ભુતકાળમાં હલકા દૂધના ભાવ કપાતની સમસ્યા એ માથાના દુખાવા સમાન હતી. રોજ સવાર પડે અને અમારે ટોળેટોળાં લઈ મહેસાણા દૂધસાગર ડેરીમાં જવું પડતું હતું. મહેનતના અંતે પણ દૂધમંડળીને નુકશાન જાય એ કેમ પોસાય? આના કારણે ડેરી અને મંડળીઓ વચ્ચે ઘણીવાર ખટાશ ભરેલા સબંધોનું નિર્માણ થતું હતું. જુની પોલીસી પ્રમાણે હલકા દૂધને માપવાનો જે દ્રષ્ટિકોણ હતો એનાથી એકાદ દોરાવાનો ફર્ક પડી જાય તો મંડળીને ભોગવવાનું નુકશાન ખૂબ વધી જતું હતું. આજે અશોકભાઈ ચૌધરીના આવ્યા પછી જે કેટલાક મહત્વના નિર્ણયો પશુપાલકોના અને મંડળીના હિતમાં લેવામાં આવ્યા તે પૈકી હલકા દૂધની નવી પોલીસીનો નિર્ણય સૌથી વધુ આવકાર દાયક અમને લાગી રહ્યો છે. જેમ જીવનવીમાની રાશી અને ઉંમરમાં વધારો કર્યો તેના પરિણામ આજે ગામે ગામ મીઠા લાગી રહ્યા છે. એજ પ્રમાણે હલકા દૂધને ઓછામાં ઓછી કપાતથી લેવાની ડેરીની ઉદારતાએ અમારી મંડળીમાં વિતેલા ત્રણ વર્ષમાં આવેલ કુલ હલકા દૂધનો જથ્થો જે 1,26,104 કિલો હતો જેની કપાત નવા નિયામક મંડળમાં માત્ર રૂપિયા 5,38,303 કરવામાં આવી છે. જુની પોલીસી જો આજે પણ હયાત હોત તો અમારે રૂપિયા 35,34,059 જેટલું ભારે નુકશાન ભોગવવું પડ્યું હોત. સીધેસીધો હિસાબ છે કે ; અમારી મંડળીને આ ત્રણ વર્ષમાં નવી પોલીસીને કારણે રૂા.29,95,756 નો ધરખમ લાભ થયો છે અને તે માટે અમે ચેરમેન સાહેબના ખૂબ આભારી છીએ. આ સાથે ફેટ અને SNF સ્પષ્ટ બતાવતા એનેલાઈઝર મશીનને ફરજીયાત કરી સંઘ દ્વારા હલકા દૂધ ઉપર સંપૂર્ણ નિયંત્રણ લાવી દેવામાં આવ્યું છે. અમારી મંડળી પાસે હાલમાં છ એનેલાઈઝર મશીન છે.

## હલકા દૂધની નવીન પોલીસીથી અમારી મંડળીને માત્ર ત્રણ વર્ષમાં ૧,૦૩,૩૮,૧૪૪ રૂપિયા ફાયદો આપનાર અશોકભાઈ ચૌધરી એ ખરેખર બીજા મોતીબાપુ છે :

### (ગોરીસણા દૂધ મંડળી તા.ખેરાલુ, જી.મહેસાણા)



ખેરાલુ તાલુકાની સમૃદ્ધ દૂધમંડળીના કુશળ સંચાલક પ્રમુખ અને મંત્રી શ્રી પ્રહલાદભાઈ ચૌધરી અને વિરસંગભાઈ ચૌધરી હલકા દૂધની નવીન પોલીસી અંગે પોતાના વિચારો દૂધસાગર પત્રિકા સમક્ષ મુકતાં ભાવવાહી મુદ્રામાં આવી જતાં જણાવે છે કે ; 2021 માં અશોકભાઈ ચૌધરી અને નિયામક મંડળ વહિવટમાં આવ્યું ત્યારે અમને કલ્પના જ નહોતી કે આટલી કુશળતાથી વહિવટ થશે ! ચાર વર્ષમાં અમને શું નથી મળ્યું ? ઐતિહાસીક ભાવવધારો, વીમાની રકમ અને ઉંમરમાં વધારો, સૌની સમકક્ષ દૂધના ભાવ, ઉત્તમ વેટરનરી સર્વિસ, બીજાની સરખામણીમાં ઓછા ભાવથી ઉત્તમ પશુ આહાર કેટકેટલું આ ટૂંકા સમયમાં અશોકભાઈ કરી શક્યા છે એજ અમારા માટે આશ્ચર્ય છે. ખાલી હલકા દૂધની પોલીસી બદલાઈ અને એનેલાઈઝર મશીન થી હલકુ દુધ બંધ થતાં અમારી મંડળીને ત્રણ વર્ષમાં એક કરોડથી વધુનો નફો થયો છે. આનાથી મોટો શુધ્ધ વહિવટ બીજો કયો હોઈ શકે ?

## ના ધારેલું વળતર ઘરે આવે છે એજ વાત સાબિત કરે છે કે મહેસાણાની ડેરીમાં કોઈ સંત વહિવટ કરે છે

### (કરણનગર દૂધ મંડળી તા.કડી, જી.મહેસાણા)



કડી તાલુકાની કરણનગર દૂધમંડળી ના હિસાબી ચોપડા ખોલતાં અમારી સમક્ષ આ મંડળીના પ્રમુખ તરીકેના સંચાલક મોહનજી તલાજી ઠાકોર અને મંત્રી નાગજીભાઈ દાજીભાઈ રબારી જણાવી રહ્યા છે કે વિતેલા ત્રણ વર્ષમાં તેમની મંડળીમાંથી કુલ 98048 કિલો હલકુ દૂધ મહેસાણા સંઘમાં ગયું હતું. નવી પોલીસી પ્રમાણે આ દૂધના જથ્થાના કુલ 4,45,156 રૂપિયા કપાત કરવામાં આવ્યા છે. જો જુની પોલીસી હજી યથાવત હોત તો આટલા જ જથ્થાના અમારા 24,42,240 રૂપિયા કપાયા હોત. અમારી સાથે વાત કરતાં તેઓએ જણાવ્યું કે તમે સાગર પત્રિકામાં લખજો કે ક્યાં ચાર લાખ પિસ્તાલીસ હજાર અને ક્યાં ચોવીસ લાખ બેતાલીસ હજાર ? આટલો બધો લાભ માત્ર ત્રણ વર્ષમાં સીધેસીધો મળે એજ પુરાવો છે કે દૂધસાગરનો વહિવટ કોઈક સંત માણસ કરી રહ્યો છે. સાહેબ અમે ગામડાના માણસો બીજુ નથી જાણતા પણ અમને એટલી ખબર છે કે સવાર પડે એટલે અજવાળું દેખાય !!

## લક્ષ્મીપુરા – ખડાત દૂધ મંડળી તા.માણસા, જી.મહેસાણા



હલકાદૂધ અંગેની નવી પોલીસીથી મળેલા પરિણામો અંગે અમે મળ્યા લક્ષ્મીપુરા મંડળીના મહિલા પ્રમુખ શ્રીમતિ રત્નાબેન નાગરસિંહ રાઠોડ અને મંત્રીશ્રી દૂરસિંહજીને મળ્યા ત્યારે તેમણે જણાવ્યું કે જે પોલીસીથી અમે ભૂતકાળમાં ખૂબ પીડાયા છીએ તેનો આ નિયામક મંડળે અંત આણ્યો છે. આ વર્ષે આ પોલીસીથી અમારા જેવી નાની દૂધમંડળીને પણ 4,85,224 રૂપિયાનો ફાયદો થયો છે. જે અમારા માટે ખૂબ મોટી વાત છે. આવી નાની નાની ગણાતી બાબતો મોટા પરિણામ આપતી હોય છે એ અશોકભાઈએ પોતાના વહિવટથી સાબિત કરી દીધું છે.

## મોટી ભાલુપરા દૂધ મંડળી તા.સતલાસણા, જી.મહેસાણા



સતલાસણા તાલુકામાં આવેલ નાનકડા મોટી ભાલુપરા ગામની દૂધમંડળીનો વહિવટ મહિલા પ્રમુખ આશાબેન રમેશભાઈ સુથાર તથા મંત્રી તરીકેની જવાબદારી વસંતકુમાર વાડીલાલ જોષી નિભાવી રહ્યા છે. હલકા દૂધની જુની અને પોલીસી અંગે પશુપાલકોના પ્રતિનીધી બની અમે જ્યારે એમની સાથે વાત કરી ત્યારે તેઓએ જણાવ્યું કે વિતેલા ત્રણ વર્ષમાં તેમની મંડળી તરફથી કુલ 1,29,646 **હલકુ દૂધ સંઘમાં ગયું હતું. નવી પોલીસીના કારણે કુલ દૂધના રૂપિયા** 5,32,196 **કપાયા જો જુની પોલીસી રાખી હોત તો તેમની મંડળી પાસેથી** 32,41,996 **રૂપિયા કપાઈ ગયા હોત. નવી પોલીસીથી એમને સીધે સીધા** 27,09,773 **રૂપિયાનો ફાયદો થયો છે. અમે અશોકભાઈ અને તેમના નિયામક મંડળનો મંડળી વતી આભાર માનીએ છીએ.**

## લુણવા દૂધ મંડળી તા.ખેરાલુ, જી.મહેસાણા



“ઉકેલ આવ્યો અદ્‌ભુત” લેખ હેઠળ જુની નવી પોલીસીની વાસ્તવિક ધરાતલ ઉપર શું અસરો જોવા મળી તે માટે સમગ્ર વિસ્તારની અનેક મંડળીઓની અમે રૂબરૂ અને ટેલિફોનીક મુલાકાત લીધી. જગ્યાના અભાવે દરેકના પ્રતિભાવ છાપવા શક્ય ન હોવાથી હવે અમે ખેરાલુ તાલુકાની લુણવા દૂધ મંડળીના પ્રમુખ કનુભાઈ દેસાઈ અને મંત્રી ભીખનખા પઠાણના અનુભવો આપની સમક્ષ મુકીએ છીએ. તેમના જણાવ્યા અનુસાર દૂધસાગરના વર્તમાન ચેરમેન શ્રી અશોકભાઈ ચૌધરી સાહેબનો વહિવટ અદભુત છે. તેમની મંડળીને આ ત્રણ વર્ષમાં ખાલી આ હલકા દૂધની વ્યાખ્યા બદલવાથી જ રૂપિયા 16,95,508 નો નફો થયો છે જે પવિત્ર વહિવટને આભારી છે.

દૂધસાગરની સાથે સાથે ...

# પશ્ચિમ રેલ્વેના જનરલ મેનેજર ડેરીના મહેમાન બન્યા

# દૂધસાગરની પ્રગતિ ઉપર પોતાનો રાજીપો વ્યક્ત કર્યો



તાજેતરમાં ભારતના યશસ્વી વડાપ્રધાન અને ઉત્તર ગુજરાતના પનોતા પુત્ર શ્રી.નરેન્દ્રભાઈ મોદી સાહેબની માતૃભૂમિ વડનગર ખાતે રેલ્વેની આગામી યોજનાઓ અને હાલની પરિસ્થિતીનો અભ્યાસ કરવા પશ્ચિમ રેલ્વેના જનરલ મેનેજર શ્રી. અશોકકુમાર મિશ્રાજી પોતાના ઉચ્ચ અધિકારીઓ સાથે મુલાકાતે આવ્યા ત્યારે વડનગર થી પરત ફરતાં તેઓએ ઉત્તર ગુજરાતની જીવાદોરી સમાન મિલ્ક સીટી મહેસાણાની પ્રતિષ્ઠીત દૂધસાગરમાં પોતાના કિમતી કલાકો ગાળ્યા હતા. તેઓના આગમનને ડેરીના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરીએ સ્મૃતિચિન્હથી વધાવી લીધુ હતું. આ દરમ્યાન શ્રી. અશોકકુમાર મિશ્રાજી સાથે અમદાવાદ ડિવીઝનના D.R.M શ્રી. સુધીરકુમાર ગુપ્તા અને D.C.M શ્રી. અનિલ ત્યાગીજી તથા મહેસાણા જિલ્લા કલેક્ટર શ્રી અને જિલ્લા વિકાસ અધિકારી સહિત પ્રશાસનના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. પોતાની આ મૂલાકાત દરમ્યાન શ્રી. અશોકકુમાર મિશ્રાજીએ ડેરીના ચેરમેનશ્રી સાથે વાર્તાલાપ દરમ્યાન દૂધસાગર ડેરીની કાર્યપધ્ધતિ અંગે જાણકારી મેળવી પોતાનો રાજીપો વ્યક્ત કર્યો હતો.

## વિસનગર તાલુકાના ખદલપુર ગામે નવીન દૂધઘર અને બલ્કકૂલરનો શુભારંભ



ગત તા.૧૨ ઓક્ટોબરના રોજ "સમૃદ્ધ દૂધમંડળી એટલે સમૃદ્ધ દૂધસાગર" અંતર્ગત ચેરમેનશ્રીએ વિસનગર તાલુકાના ખદલપુર ગામે નવિન દૂધઘર અને બલ્કકૂલરનો શુભારંભ કરાવી ખદલપુર ગામના સહકારી આગેવાનો, નાગરિકો અને પશુપાલકો સાથે વાર્તાલાપ કર્યો હતો.

## ઈન્ટરનેશનલ કો-ઓપરેટીવ ચેમ્પિયન એવોર્ડ - ૨૦૨૪ મેળવી દૂધસાગરનું નામ રોશન કરનાર શ્રી. અશોકભાઈ ચૌધરીને સહયોગે સાધારણ સભામાં સન્માનિત કર્યા



પોતાની કાર્યકૂશળતા અને પ્રામાણિકતાને કારણે અમેરિકાના વૈશ્વિક સહકાર સંગઠન OCDC દ્વારા ડેરી ક્ષેત્રે આંતરાષ્ટ્રીય એવોર્ડ વિજેતા બનેલા દૂધસાગરના ચેરમેનશ્રી અશોકભાઈ ચૌધરીને દૂધસાગર ડેરીની કર્મચારીઓની શાખ અને પુરવઠા મંડળી (સહયોગ) દ્વારા યોગેશ્વર શ્રીકૃષ્ણનું પ્રતિક ચિન્હ આપી સન્માન કરવામાં આવ્યું હતું.

## દૂધસાગર ડેરી એકાઉન્ટ વિભાગમાં ધનતેરસ નિમીત્તે પરંપરાગત લક્ષ્મી પૂજન કરાયું



હિન્દુ ધર્મના સૌથી મોટા પવિત્ર અને ઉત્સાહ, ઉમંગ આસ્થા સાથે ઉજવાતા દિપાવલીના તહેવારો દૂધસાગર માટે પણ વર્ષોથી પરંપરાગત ઉજવણીના દિવસો રહ્યા છે. દૂધસાગરની તમામ ઈમારતો ઉપર વિવિધ  સુશોભનો અને રંગોળીઓ સાથે તહેવારના આ પાંચ દિવસોમાં દૂધ થી શુદ્ધ એવી આ સંસ્થા પણ પોતાની પવિત્રતા પાથરે છે. આજે ભલે સમયને અનુરૂપ આપણે આપણી ડેરીને કોમ્પ્યુટર રાઈઝડ અને ડિઝીટલ દૂધસાગર તરફ લઈ જઈ રહ્યા હોઈએ તો પણ પરંપરા એતો શ્રદ્ધાનો વિષય છે જે આપણી દૂધસાગર પાસે આજે પણ અકબંધ છે. ધનતેરસની પવિત્ર સાંજે દૂધસાગરના એકાઉન્ટ વિભાગના તમામ અધિકારીઓ અને કર્મચારીઓએ નવાં કપડાં પહેરી ભક્તિસભર પવિત્ર માહોલમાં માં લક્ષ્મીની પૂજા કરી દૂધસાગરના સમૃદ્ધ ભવિષ્ય માટે પ્રાર્થના કરી હતી.

## ડૉ.વર્ગિસ કુરિયનના વારસાને અકબંધ રાખવા અમૂલની ક્લિન ફ્યુઅલ બાઈક રેલી મહેસાણા દૂધસાગર ડેરીને આંગણે પહોંચી



આગામી 26 નવેમ્બર એટલે શ્વેતક્રાંતિના જનક અને ગુજરાતની ભૂમિને જેમણે આજીવન કર્મમંદિર માની હતી તેવા ભારતરત્ન ડૉ.વર્ગિસ કુરિયનની જન્મજયંતી !! સમગ્ર દેશમાં કુરિયન સાહેબની યાદમાં આ દિવસને રાષ્ટ્રીય દૂધ દિવસ (NATIONAL MILK DAY) તરીકે ઉજવી આ સમયને સન્માનિત કરવામાં આવે છે ત્યારે, સરદાર વલ્લભભાઈ પટેલ પ્રેરિત ડેરી સહકારી ચળવળને કારણે 1946 માં અમૂલની રચના કરવામાં આવી હતી. જેના પરિણામે ભારત વિશ્વમાં દૂધના સૌથી મોટા ઉત્પાદક તરીકે ઉભરી આવ્યું છે. સ્વચ્છ ઇંધણ અને ટકાઉપણું વિશે જાગૃતિ ફેલાવવા અમૂલે રાષ્ટ્રીય દૂધ દિવસની ઉજવણીના ભાગરૂપે સમગ્ર ભારતમાં ચાર મેઘા ક્લીન ફ્યુઅલ રેલીઓની શ્રેણી આયોજન કર્યું છે. મારૂતિ સુઝુકી અને બજાજ ઓટો દ્વારા સંચાલિત આ રેલીઓનો હેતુ ભારતની ડેરી સહકારી સંસ્થાઓના વારસાને સન્માન આપી જાગૃતિ ફેલાવવાનો છે. આ રેલી 15 મી નવેમ્બરે પૂણેમાં બજાજના આકુર્ડી પ્લાન્ટમાં ફ્લેગ ઓફ કરવામાં આવી હતી જે 19 નવેમ્બરના રોજ સમી સાંજે મહેસાણા દૂધસાગર ડેરી ખાતે પહોંચી ત્યારે સંસ્થાના MD શ્રી સહિત ઉચ્ચ અધિકારીઓએ ગુલદસ્તા સાથે સૌ બાઈક રાઈડર્સ અને આયોજકોને આવકાર્યા હતા.

## UN દ્વારા 2025 ને વિશ્વ સહકારીતા વર્ષ તરીકે ઉજવવાની ધન્ય ક્ષણો વચ્ચે

# દિલ્હીના ભારત મંડપમ્માં આપણા અશોકભાઈને ઈન્ટરનેશનલ કો-ઓપરેટીવ ચેમ્પિયન એવોર્ડ એનાયત થયો




ઈ.સ.1961 માં અમેરિકાના તત્કાલીન પ્રધાનમંત્રી શ્રી. જહોન એફ. કેનેડી દ્વારા હસ્તાક્ષર કરાયેલ U.S. ફોરેન આસિસ્ટન્સ એક્ટના પરિણામ સ્વરૂપ અસ્તિત્વમાં આવેલી આંતરરાષ્ટ્રીય સહકારી સંસ્થા U.S. ઓવરસીઝ સહકારી વિકાસ પરિષદ (OCDC) દ્વારા વર્તમાન વર્ષ 2024 માટે ડેરીક્ષેત્રે ઉમદા કામગીરી કરવા બદલ દૂધસાગર ડેરીના વર્તમાન ચેરમેન શ્રી. અશોકભાઈ ચૌધરીને ગત તા.3 ઓક્ટોબરના રોજ ડેરીક્ષેત્રે સન્માન મેળવનાર પ્રથમ ભારતીય નાગરિક તરીકે  જાહેર કરવામાં આવ્યા હતા. જે અનુસંધાને તાજેતરમાં ભારતની રાજધાની નવી દિલ્હી ખાતે મળેલી પ્રથમ ઈન્ટરનેશનલ કો-ઓપરેટીવ એલાયન્સ દ્વારા ભારત મંડપમ્માં વર્લ્ડ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. ભારતના પ્રધાનમંત્રી શ્રી. નરેન્દ્રભાઈ મોદી, ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ, ભૂતાનના રાષ્ટ્રપતિ સાથે અનેક વિદેશી મહેમાનોની ઉપસ્થિતીમાં આ વર્લ્ડ કોન્ફરન્સનો શુભારંભ થયો હતો. આ ભવ્યાતિભવ્ય પ્લેટફોર્મનો સદઉપયોગ કરી આ કોન્ફરન્સના બીજા દિવસે પ્રમાણપત્ર અને શિલ્ડ સાથે OCDC ના ડેપ્યુટી એક્ઝુટીવ ડાયરેક્ટર સુજ્ઞશ્રી. લુઆન વર્નર ના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. દૂધસાગરના ચેરમેનશ્રીએ આ સન્માન દૂધસાગર ડેરી સાથે જોડાયેલ લાખો માતાઓ-બહેનોને સમર્પિત કર્યું છે.

# મહેસાણી ભેંસની ઉત્તમ ઓલાદને પ્રોત્સાહન આપવા દૂધસાગર દ્વારા સરસ્વતી તાલુકાના મેસર ગામે ઉજવાયો ભવ્યાતિભવ્ય

# બફેલો શો - ૨૦૨૪













દૂધસાગર ડેરી સમગ્ર વિશ્વમાં પોતાના સ્વાદ અને સુગંધથી ઓળખાય છે. તેનું મૂળ કારણ આપણી ભૂમિ ઉપર કુદરતની કૃપાથી ઉછરીને મોટી થયેલ ભેંસ છે ! મહેસાણી ભેંસ અને આ ભેંસનું દૂધ આખી દુનિયામાં પ્રખ્યાત છે. અન્ય પ્રાણીઓ કરતાં રસ અને કસ મહેસાણી ભેંસના દૂધમાં હોવાથી આપણી ડેરીનું દૂધ અન્યોની સમકક્ષ ઉત્તમ પ્રકારનું ગણાય છે. આ મહેસાણી ભેંસની ઓલાદ જળવાઈ રહે અને સમયાંતરે તેમાંથી ઉત્તમ પ્રકારની ઓલાદ મળતી રહે તે માટે સ્વ.મોતીબાપુના સમયથી સમગ્ર વિસ્તારમાં સમયાંતરે બફેલો શોનું આયોજન કરવામાં આવતું હતું. અગાઉ મહેસાણા જિલ્લાના દેલા ગામે થયેલ બફેલો શો પછી આ કાર્યક્રમ તરફ એક ઉદાસીન વાતાવરણ ઉભુ થતાં આવા બફેલો શો બંધ થઈ ચૂક્યા હતા. આ બાબતનું ધ્યાન સંસ્થાના વર્તમાન ચેરમેન અને નિયામક મંડળને આવતાં ગત વર્ષથી ફરીથી આ બફેલો શો શરૂ કરવામાં આવ્યા હતા. જે પરંપરાને પુનઃ જીવીત રાખવાના ભાગરૂપે 28 નવેમ્બર 2024 ના રોજ પાટણ જીલ્લાના, સરસ્વતી તાલુકાના મેસર ગામે ત્યાંની સ્થાનિક દૂધ મંડળીના સહયોગથી એક ભવ્યાતિભવ્ય બફેલો શોનું આયોજન થયું હતું. દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરીના અધ્યક્ષપદે આયોજીત આ કાર્યક્રમમાં ભાજપના ગુજરાત પ્રદેશ ઉપપ્રમુખ શ્રી. નંદાજી વાઘાજી ઠાકોર, દૂધસાગર ડેરીના ડિરેક્ટરશ્રી. રમીલાબેન રણજીતસિંહ ઠાકોર, શ્રી. રમેશભાઈ મગનભાઈ દેસાઈ, શ્રી. પ્રધાનજી નથુજી ઠાકોર, દૂરડાના ડિરેક્ટર શ્રી. ચમનજી ઠાકોર, શ્રી. મંજુરઅલી બાલસાણીયા, શ્રી અલ્કેશભાઈ ઘેરમભાઈ દેસાઈ, શ્રી. હરિભાઈ વિહાભાઈ પટેલ અને દૂધસાગર ડેરીના ઈન્ચાર્જ મેનેજીંગ ડિરેક્ટરશ્રી. ધીરજકુમાર ચૌધરી હાજર રહ્યા હતા. ઉપસ્થિત તમામ મહેમાનોએ બફેલો શોમાં પોતાની ભેંસ અને પાડી સાથે સ્પર્ધામાં ભાગ લેવા આવેલ પશુપાલકોની મુલાકાત કરી આવી ઉત્તમ પ્રકારની ભેંસોની ખાવા પીવા સહિતની કાળજીઓ વિશે જાણકારી માગી સમગ્ર બફેલો શોનું નિરીક્ષણ કર્યું હતું. ત્યારબાદ દીપ પ્રાગટ્ય સાથે સભાની થયેલી શરૂઆત બાદ સ્થાનિક આગેવાનો અને સભાસદો દ્વારા મહેમાનોનું શાલ અને પુષ્પહાર સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પોતાના વિચારો સભા સમક્ષ મુકતાં સંસ્થાના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરીએ પશુપાલકોને દૂધનો ધંધો ચાલુ રાખી દિવસે દિવસે તેમાં વિકાસ કરવાનું આહવાહન આપી મહેસાણા દૂધસંઘ સતત પશુપાલકોની પડખે ઉભો છે તેવો વિશ્વાસ આપી વર્તમાન દૂધસાગર ડેરીના વહિવટથી સૌને નિખાલસ પણે અવગત કરાવ્યા હતા.

## સંવત ૨૦૮૧ ના શુભારંભે અશોકભાઈ ચૌધરીના આંગણે આયોજીત સ્નેહ મિલન સમારંભમાં

# હજારો પશુપાલકોએ કર્યા પરસ્પર રામ રામ




















મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. વતી ચેરમેનશ્રી તથા નિયામક મંડળ અને મેનેજીંગ ડિરેક્ટરની સલાહ સૂચન મુજબ તંત્રીઃ મહેશ ચૌધરીએ સંકલન, સંપાદન કરી સદર સામયિક પ્રસિધ્ધ કરેલ છે.

આસ્થા ડિજીટલ, મહેસાણા